**કોઇ**
**૦ વિનોદ જોશી**



કોઇ નક્ષત્રને ઝુલાવે છે,
કોઇ ત્યાં વીજળી હુલાવે છે;

કોઇ કારણ વગરનાં કારણ સૌ,
કોઇ પરિણામને ભુલાવે છે;

એક ફુગ્ગારૂપે મળ્યું જીવતર,
કોઇ હદ બ્હારનું ફુલાવે છે;

કોઇ લઈ જાય છે મને અહીંથી,
અન્યને કોઇ પાછું લાવે છે;

જીવ નીકળી ગયો છે સદીઓથી,
પંડ્યમાં પાછું કોઇ આવે છે.

**કહી કહીને**
**૦ વિનોદ જોશી**



કહી કહીને પછી છેવટે શું કહેવાનું?
વહેણ જે તરફ વહે એ તરફ વહેવાનું;

ગુનાહ માફ થયા તે છતાંય છે વસમું,
સજા મળી નહીં એ રોજ રોજ સહેવાનું;

પ્રબંધ વર્તમાનનો કર્યાની ભ્રમણામાં,
ન હાથ આવે પછીનું કે પછી પહેલાંનું;

વજૂદ એટલું જ હોય છે અટકવામાં,
ખબર રહે કે સતત ચાલતાં જ રહેવાનું.

## આવ્યો છું
## ૦ વિનોદ જોશી



આવ્યો છું તારી હદમાં તડીપાર થઇ જવા,
તારું નિહાળી રૂપ નિરાકાર થઇ જવા;

ખુશ્બૂની જેમ આરપાર નીકળી જઇશ,
નાહક તું સૂચવે છે અણીદાર થઇ જવા;

ખુદને મળ્યો નથી અને મળવાનો પણ નથી,
નીકળી પડ્યો છું સહુનો સૂત્રધાર થઇ જવા;

તકલાદી તારા શકની બચાવી લઇશ લાજ,
હાજર થયો છું હું જ ગુનેગાર થઇ જવા;

ઊતરે ન ગીતમાં ન ગઝલમાં પરિણમે,
પ્રગટું એ શબ્દ જેમ નિરાધાર થઇ જવા.

## વાત
## ૦ વિનોદ જોશી



વાત માંડી ભલે ઘૂઘવતાં પૂરની,
એ નથી થઇ શકી ધબકતા ઉરની;

જે ક્ષણોને હવે તું કહે છે મહાન,
માત્ર એ છે હજી નિકટ કે દૂરની;

સ્વપ્ન ફાટી જતું સૂકવતાં પોપચે,
તીક્ષ્ણ નિદ્રા હશે રાત ઘેઘૂરની;

દૂઝણી કલમને એક શંકા હજી,
નજર લાગી જશે કોઇ નિષ્ઠૂરની;

ગઝલની પાલખી ઊંચકી નીકળ્યો,
એય સોબત હશે કોઇ ચકચૂરની.